
# પંડિતજીની પૂજા

– નવનીત સેવક



અવંતી નગરી ને રાજા ભોજ.

રાજા તો ઘણા થયા પણ ભોજ રાજા જેવો કોઈ રાજા નથી થયો.

ભોજ એટલે ભોજ. નમ્રતા તો એમની અને પરોપકાર પણ એમનો.

એવા આ રાજા ભોજના દરબારમાં નવરત્ન. નવરત્નોમાં કવિ કાલિદાસનો જોટો નહીં. કાલિદાસ એટલે ડહાપણનો સાગર.

રાજાજીના દરબારમાં યોદ્ધાઓની કમી નથી. વિદ્વાનોની ખોટ નથી અને પંડિતોનો તોટો નથી. રાજાજી દાન દેવામાં પાછું વળીને જોતા નથી. કોઈ વિદ્વાન માણસ એમના રાજમાં નિર્ધન નથી. રાજાજી પંડિતોને એટલું દાન આપે છે કે દેવોનો રાજા ઇન્દ્ર પણ શરમાઈ જાય.

દેશદેશાવરથી પંડિતો ભોજ રાજાનું નામ પૂછતાં આવે છે ને રાજાજી તેમને દાન આપે છે.

રાજાજીની નગરીમાં ઘણા વિદ્વાન બ્રાહ્મણો આવીને રહ્યા છે. રોજ જાતજાતની ચર્ચાઓ ચાલે છે.

રાજાજી પોતે પણ ચર્ચાઓમાં ભાગ લે છે. ખરેખરી મજા આવે છે.

વિદ્યા જેવી ઉત્તમ કોઈ વસ્તુ નથી.

વિદ્યા હોય તો લક્ષ્મી મળે, વિદ્યા હોય તો માન મળે. આવી વિદ્યાને પોષણ આપે તે ધન પણ સાર્થક થઈ જાય.

રાજાજી આ વાત બરાબર સમજે છે.

ભોજ રાજાની પંડિતસભામાં સહુથી મોટા પંડિત વેદરામ. પંડિતજીનું નામ તો બીજું કંઈક, પણ એમણે વેદનો એવો અભ્યાસ કરેલો કે એમનું નામ જ વેદરામ પડી ગયેલું. બધા પંડિતોમાં આગેવાન આ વેદરામ પંડિત હતા.

બળેવનો દિવસ આવે કે રાજાજી તરફથી બ્રાહ્મણોને ભોજન અપાય. અવંતી નગરીની બહાર મોટો મંડપ બાંધવામાં આવે. એમાં સહુ બ્રાહ્મણો આવીને ગોઠવાય. રાજાજી બત્રીસ જાતનાં પકવાન જમાડે. બધા બ્રાહ્મણો રાજાજીને આશીર્વાદ આપીને વિદાય થાય.

જમવાનું કામ શરૂ થાય એ પહેલાં રાજાજી જાતે ત્યાં આવે. આવીને પંડિતોના આગેવાનના પગ ધૂએ. રાજાજી માને કે વિદ્વાનો દેવો કરતાં પણ મોટા છે. એમની પૂજા કરીએ એ વિદ્યાની પૂજા છે.

રાજાજી પૂજા કરીને ઊભા થાય એટલે કવિ કાલિદાસ પંડિતોના આગેવાનોની પૂજા કરે. કવિ પૂજા કરી રહે પછી જ ભોજન શરૂ થાય.

વર્ષોથી આ નિયમ ચાલ્યો આવે.

એક વખતની વાત છે. બળેવનો દિવસ હતો. દર વરસની જેમ તે વરસે પણ રાજાજીએ બ્રાહ્મણો માટે ભોજનની વ્યવસ્થા કરી હતી. નગર બહાર મોટા મંડપમાં પાટલા ગોઠવાઈ ગયા હતા.

બત્રીસ જાતનાં શાક ને તેત્રીસ જાતનાં પકવાન તૈયાર હતાં.

ધીમેધીમે બ્રાહ્મણો આવવા લાગ્યા.

લાલ અને પીળાં, ધોળાં ને ગુલાબી એમ રંગબેરંગી અબોટિયાં પહેરીને બ્રાહ્મણો આવતા ગયા ને ગોઠવાતા ગયા.

છેલ્લે આવ્યા વેદરામ પંડિત.

વેદરામ માટે એક જુદા આસનની ગોઠવણ હતી. એમને માટે સોનાના થાળમાં ભોજન આવતું હતું. વેદરામજી આવ્યા કે ખુદ રાજા ભોજ ત્યાં દોડી આવ્યા. આવીને રાજાજીએ પંડિતજીને પ્રણામ કર્યા.

પંડિતજીએ આશીર્વાદ આપતાં કહ્યું, ''સો વરસના થાઓ રાજાજી ! હવે ભોજનની કેટલી વાર છે ?''

રાજાજીએ કહ્યું, ''બધું તૈયાર છે, હવે પીરસાય એટલી જ વાર છે. અમે આપની જ રાહ જોતા હતા.''

રાજા ભોજે ઇશારો કર્યો કે ભોજન પીરસાવા લાગ્યું. બત્રીસ શાક ને તેત્રીસ પકવાન.

પીવાના પાણીમાં પણ રાજાજીએ ગુલાબજળ નંખાવ્યું છે. આખો મંડપ મહેક મહેક થઈ ગયો છે.

ભોજન પીરસાઈ ગયું. પછી પૂજા કરવાનો સમય આવ્યો.

ભોજ રાજાએ વેદરામ પંડિતના પગ ધોયા. પગ ધોઈને રાજા પંડિતજીને પગે લાગ્યા. આખા મંડપમાં હજારો બ્રાહ્મણો બેઠા હતા. તેમના તરફ હાથ જોડીને રાજાજીએ કહ્યું, ''હે પંડિતો ! આપ સહુ વિદ્વાન છો. દરેક વિદ્વાનના પગ ધોઈને પૂજવા જોઈએ. વિદ્વાનને માન આપવું એટલે વિદ્યાને માન આપવું. આપ સહુના પગ ધોવાનું બની શકે એમ નથી એટલે હું આપના આગેવાન પંડિત વેદરામજીના પગ ધોઉં છું.''

આમ કહીને રાજાજીએ ફરીથી હાથ જોડ્યા.

હવે કવિ કાલિદાસનો વારો હતો. એ પંડિતજીના પગ ધૂએ એટલે ભોજન શરૂ થાય.

પણ કવિ તો ક્યાંય દેખાતા નહોતા. વેદરામે કહ્યું, ''રાજાજી ! કવિ કાલિદાસ ક્યાં ?''

''પંડિતજી ! એ હવે આવતા જ હશે. આવડી મોટી વાત એ ભૂલી ન જાય.'' રાજાએ વિનયથી કહ્યું.

પીરસાયેલી થાળી સામે બેઠેલા પંડિતજી હવે અકળાતા હતા. રોષભર્યા અવાજે એમણે રાજાજીને કહ્યું, ''આપ કાલિદાસને તેડું મોકલો. આવી બેદરકારી ન ચાલે.''

રાજાજીએ તરત સેવકને મોકલ્યો. થોડી વારમાં જ સેવકે પાછા આવી રાજાજીને જણાવ્યું, ''કવિ થોડી વારમાં જ આવે છે. એમણે કહેવડાવ્યું છે કે થોડી મુશ્કેલી છે એટલે હજી વાર લાગશે.''

પંડિત વેદરામ ગુસ્સે થઈ બોલ્યા, ''આ ખોટું કહેવાય. કવિ એટલોય વિચાર નથી કરતા કે આટલા બધા બ્રાહ્મણો ભૂખ્યા બેસી રહ્યા છે ? એ કાલિદાસ એના મનમાં સમજે છે શું ? એને એટલો પણ વિચાર નથી આવતો કે ભાણે બેઠેલા આ બ્રાહ્મણોને શું થતું હશે ?''

પંડિતજી કાલિદાસને ગાળો દેતા હતા એવામાં જ કાલિદાસ આવી પહોંચ્યા.

કાલિદાસના કાને એમાંથી થોડી ગાળો પડી.

કવિ તો બહુ જ ચાલાક હતા. પંડિતજીને ગાળો બોલતા સાંભળીને જ સમજી ગયા કે આ આપણને જ ગાળો દે છે.

કવિ થોડુંક મલકાયા.

કાલિદાસ આવ્યા કે તરત રાજાજી કહ્યું, ''અરે કવિરાજ ! ઝડપ કરો. અહીં બધા અધીરા થઈ ગયા છે. ઝટઝટ પંડિતજીના પગ ધોઈ લો એટલે ભોજન શરૂ થાય.''

કવિ શાંતચિત્તે બોલ્યા, ''માફ કરજો મહારાજ ! પણ હું પંડિતજીના પગ નહીં ધોઉં.''

કાલિદાસના શબ્દો સાંભળતાં જ રાજાજીએ આશ્ચર્યથી કહ્યું, ''કવિ, આ શું કહો છો ? આ રીતે બ્રાહ્મણોને ભોજન કરાવવાની તો આપણી પરંપરા છે.''

''જી હા ! આપ ખુશીથી ભોજન શરૂ કરાવો પણ હું પંડિતજીના પગ ધોવાનો નથી.'' કવિએ પૂર્વવત્ શાંતિથી કહ્યું.

કવિની વાત સાંભળીને બધાને નવાઈ લાગી. પંડિત વેદરામ તો ખરેખરા ગુસ્સે થઈ ગયા. રાતાપીળા થઈને કહ્યું, ''મારા પગ તું નહીં ધૂએ ?''

''જી ના, નહીં ધોઉં.'' કવિના ચહેરા પર નિશ્ચલતા હતી.

કવિના સ્પષ્ટ નકારથી પંડિતજી ધૂંઆપૂંઆ થઈ ગયા. બધા બ્રાહ્મણોને ઉદ્દેશીને એમણે કહ્યું, ''આ અમારું અપમાન છે. અમારું નહીં પણ બધા પંડિતોનું અપમાન છે. ચાલો આપણે

અહીંથી. જ્યાં વિદ્યાનું અપમાન થાય ત્યાં જમવું એ શરમની વાત છે.''

બધા બ્રાહ્મણો ઊભા થવા લાગ્યા.

એકાએક રાજા ભોજે ઈશારો કરીને બધાને બેસાડી દીધા અને કહ્યું, ''કવિ કોઈ કામ વિચાર કર્યા વિના નથી કરતા. એમણે પંડિતજીની પૂજા કરવાની ના પાડી હશે તો એની પાછળ કંઈ કારણ હશે. કહો કાલિદાસ, પંડિતજીની પૂજા કરવાની તમે ના પાડી એની પાછળ શું કારણ છે ?''

કવિએ નમ્રતાથી કહ્યું, ''મહારાજ, તમારા સવાલનો જવાબ હું નહીં આપું. પહેલાં પંડિતજીએ મારા પ્રશ્નનો જવાબ આપવો પડશે.''

પંડિતજીને થયું કે અમારી વિદ્યાની આ કવિ પરીક્ષા લેવા માગે છે. છાતી ફુલાવીને એમણે કહ્યું, ''પૂછો કવિ ! અમે વિદ્વાન છીએ. તમે પૂછો એ સવાલના જવાબ ચપટી વગાડતાં આપી દઈએ.''

''કહો પંડિતજી ! અહીં રાજાજી અને અમે તમારી પૂજા શા માટે કરીએ છીએ ?'' કવિએ કહ્યું.

પંડિતજીએ અભિમાનથી ઉત્તર આપ્યો, ''અમે વિદ્વાન છીએ એટલે અમારી પૂજા કરો છો.''

કવિએ પૂછ્યું, ''વિદ્વાનની પૂજા શા માટે કરવી જોઈએ ?''

કવિનો સવાલ સાંભળીને પંડિતજીએ હસતાં હસતાં કહ્યું, ''તમે કેવો સવાલ પૂછો છો ? વિદ્વાનની પૂજા એની વિદ્યા માટે કરવામાં આવે છે. અમારામાં વિદ્યા છે એટલે તમે અમારી પૂજા કરો છો. અમારામાં વિદ્યા ન હોત તો તમે અમારી પૂજા ન કરતા હોત.''

પંડિતજીની વાત સાંભળીને કવિએ કહ્યું, ''વાહ વાહ ! હવે તમને એક જ સવાલ પૂછું છું. કહો પંડિતજી ! વિદ્વાન વિદ્યાથી શોભે છે તો વિદ્યા શાનાથી શોભે છે ?''

''આ તો નાનું છોકરું પણ કહી આપે. વિદ્યા વિનયથી શોભે છે વળી !'' પંડિતજીને કવિ આવો સરળ પ્રશ્ન કેમ પૂછતા હશે એ સમજાતું નહોતું.

કાલિદાસે રાજાજીને કહ્યું, ''બોલો રાજાજી ! હવે તમને જવાબ મળી ગયો ?''

રાજાજીએ કહ્યું, ''ના કવિરાજ, અમને તો કંઈ જ સમજાયું નહિ.''

કવિ કહે : “આપણે વિદ્યાની પૂજા કરીએ છીએ. જે વિદ્યામાં વિનય નથી એ વિદ્યા વિદ્યા નથી. વિનય ન હોય તો વિદ્યા અધૂરી છે. વિદ્યા હોય ને વિનય ન હોય તો વિદ્વાન પથરા જેવો છે. આ પંડિતજીમાં વિદ્યા છે પણ વિનય નથી. મારે ઘેર કામ હતું. બાળક એકાએક માંદું થઈ ગયું એટલે વાર થઈ. એટલામાં તો પંડિતજી ગુસ્સે થઈ ગયા, ગમે તેમ બોલવા લાગ્યા ને ગાળો દેવા લાગ્યા. ક્રોધમાં વિનય ભૂલી ગયા. વિનય ગયો એટલે વિદ્યા કોડીની થઈ ગઈ ને વિદ્યા કોડીની થઈ એટલે પંડિતજી કોડીના થઈ ગયા. બસ, આટલા જ કારણથી મેં એમની પૂજા કરવાની ના પાડી છે.”

કવિ કાલિદાસની વાત સાંભળીને પંડિત વેદરામજી એકદમ એમને ભેટી પડીને કહેવા લાગ્યા, “કવિની વાત સાચી છે. હું વિનય ભૂલ્યો એટલે વિદ્વાન મટી ગયો.”

પંડિતજીએ કવિની માફી માગી.

“હવે પંડિતજીમાં વિનય આવી ગયો છે. હવે એમની પૂજા કરવાથી વિદ્યાની પૂજા થશે.” કવિએ ઉત્સાહથી કહ્યું અને પરંપરા મુજબ પંડિતજીની પૂજા કરી.

ત્યાર પછી કોઈ દિવસ પંડિતજી ગુસ્સે થયા નથી કે વિનય ભૂલ્યા નથી.

## બાળક ગોપાલકૃષ્ણ ગોખલેની સત્યપ્રિયતા

**આચાર્યજીએ બાળકને ગૃહકાર્ય આપ્યું. ગણિતના પ્રશ્નને ઉકેલવા માટે કહેવામાં આવ્યું. બાળક ગોપાલે એક સિવાય અન્ય પ્રશ્નના ઉકેલ લાવી દીધા, પરંતુ એક પ્રશ્ન તે સાચી રીતે કરી શક્યો નહોતો. તેણે પોતાના મિત્રની મદદથી તે પ્રશ્નનો પણ ઉકેલ લાવીને પોતાની ઉત્તર પુસ્તિકામાં લખી દીધો.**

**બીજા દિવસે જ્યારે શિક્ષકે પ્રશ્ન જોયા, તો ગોપાલના તમામ પ્રશ્નના જવાબ સાચા હતા. બાળકની પ્રશંસા કરવામાં આવી અને શિક્ષકે તેને શાબાશી આપી. બાળકની આંખોમાં આંસુ આવી ગયાં અને તે રડવા લાગ્યો. પૂછ્યું તો તેણે પૂરી વાતની સાચી સાચી જાણકારી આપી. શિક્ષક બાળક ગોપાલની સત્યપ્રિયતા પર ખૂબ પ્રસન્ન થયા.**

**શિક્ષકે ગોપાલને તેની પ્રામાણિકતા માટે ઈનામ આપ્યું. આગળ જતાં આ જ મહાન દેશભક્ત ગોપાલકૃષ્ણ ગોખલે બન્યા, જે મહાત્મા ગાંધીના રાજકીય ગુરુ હતા.**